ગાંધીનગર સમાચાર

ઉત્તર ગુજરાત

સાબરકાંઠા - અરવલ્લી

તા. ૩-૫-૨૦૨૧, સોમવાર



# ઉત્તર ગુજરાતમાં એક જ દિવસમાં કોરોનાના રેકોર્ડ ૧૦,૦૮૯ સંક્રમિત કેસ, ૧૯નાં મોત

## સંક્રમિતોનો વધારો છતાં ઓક્સિજન માટે ટળવળતા દર્દી અને ખાનગી હોસ્પિટલ સંચાલકો

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૨

કોરોનાનું સંક્રમણ બેલગામ બની ગયું છે. ઉત્તર ગુજરાતના ૫ જિલ્લામાં એક જ દિવસમાં કોરોનાના રેકોર્ડ ૧૦,૦૮૯ સંક્રમિત કેસ નોંધાયા છે. ૧૯ દર્દીઓએ જીવ ગુમાવ્યા છે. સંક્રમિતોનો વધારો છતાં ઓક્સિજન માટે તમામ હોસ્પિટલોમાં દર્દીઓ ટળવળતા જોવા મળ્યા. સરકારી કોવિડ હોસ્પિટલની સાથે ખાનગી હોસ્પિટલમાં પણ ઓક્સિજન પૂરતા પ્રમાણમાં મળતો ન હોવાનો આરોપ લાગ્યો છે. પાછલા ૨૪ કલાકમાં ઉત્તર ગુજરાતના ૧૯ દર્દીઓએ જીવ ગુમાવ્યા છે.

કોરોનાની બીજી લહેરમાં વહીવટી તંત્ર, આરોગ્ય વિભાગની પોલ ખૂલી ગઈ છે. સરકારી કોવિડ હોસ્પિટલોએ ઓક્સિજન વગર ટળવળતા દર્દીઓને દાખલ કરવાના બેશરમીથી ઈન્કાર શરૂ કર્યા છે જેના કારણે અનેક દર્દીઓ હોસ્પિટલની બહાર કે પછી ખાનગી વાહનમાં જીવ સટોસટનો જંગ લડી રહ્યા છે. ઉત્તર ગુજરાતમાં આટલી હદે આરોગ્ય સેવાઓ ખાડે જશે તેવો પ્રજાને અંદાજ ન હતો. કોરોના દર્દીઓને બચાવવા માટે સ્વજનો માતબર રકમ ખર્ચી રહ્યા છે પરંતુ કાળા બજારીયાએ માનવતા નેવે મૂકી ઉંચા ભાવે રેમડેસિવિર ઈન્જેક્શનનો વેપલો ફૂડ એન્ડ ડ્રગ વિભાગના નાક આગળ કરી રહ્યા છે. અત્યાર સુધીમાં બનાસકાંઠા અને સાબરકાંઠા જિલ્લામાં રેમડેસિવિરનું કાળા બજાર કરનારા ૧૬ જણ સામે કાર્યવાહી કરવામાં આવી છે. આવનારા દિવસોમાં ઉત્તર ગુજરાતમાં નકલી રેમડેસિવિર ઈન્જેક્શન ધાબળી દેવાના રેકેટનો પર્દાફાશ થવાની પૂરી સંભાવના છે. સરકાર દ્વારા ફળવાતો જથ્થો લાગવગીયાઓ જોડે પહોંચ્યાની ગંભીર ફરિયાદ છે. તપાસ થશે તો અનેક આરોગ્ય અધિકારીઓ અને તેમના મળતિયાઓના પગ નીચે રેલો આવી શકે છે. ઉત્તર ગુજરાતમાં પાછલા ૨૪ કલાક દરમ્યાન રેકર્ડ બ્રેક ૧૦,૦૮૯ સંક્રમિત કેસ સામે આવ્યા છે. સતત ત્રીજા દિવસે સાબરકાંઠા જિલ્લા માટે કોરોના પ્રાણઘાતક બન્યો હતો. ૬ દર્દીઓએ જીવ ગુમાવ્યા છે. જ્યારે મહેસાણા, પાટણમાં ૪-૪, બનાસકાંઠા ૩ અને અરવલ્લીમાં ૨ દર્દીઓના મોત નિપજ્યા છે.

### ઈસરીની સગર્ભા મહિલાનું કોરોનાથી મોત....



બાયડ : મેઘરજ તાલુકાના ઈસરીની સગર્ભા મહિલાનું કોરોનાથી મોત નિપજ્યું છે. કોરોનાએ એક સાથે ૩ જીંદગીઓનો ભોગ લીધો છે. મૃતક મહિલા ગર્ભવતી હતી. તબીબી તપાસમાં બે ટ્વિન્સ બાળક હોવાનું જાણવા મળ્યું હતું. શરૂઆતમાં ફાલ્ગુનીબેન દેવેન્દ્રભાઈ સોનીને ન્યુમોનિયાની અસર થતાં સારવાર માટે મોડાસા ખસેડવામાં આવ્યા હતા જ્યાં કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો પરંતુ કોરોનાને હરાવે તે અગાઉ જ જીંદગી સામેનો જંગ હારી જતાં ઈસરી અને ગાબટ સહિત સોની સમાજમાં માતમ છવાયો છે.

### રેમડેસિવિર કાળા બજાર

## હિંમતનગર સિવિલ હોસ્પિટલના હંગામી સ્ટાફની મોટાપાયે સંડોવણી, મહિલા કર્મી સહિત ૨ કેરિયરની અટક

### મુખ્ય સૂત્રધાર સચિન ઝડપાયા પછી રેકેટનો પર્દાફાશ થવાની સંભાવના

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૨

સાબરકાંઠામાં દુર્લભ બનેલા કોરોના દર્દીઓ માટે ઉપયોગી રેમડેસિવિર ઈન્જેક્શનનું કાળા બજાર કરવાનું ષડયંત્ર સાબરકાંઠા એલ.સી.બી.એ ઝડપી લીધા પછી ૪ આરોપીઓની અટક કરી જામીન ઉપર મુક્ત થયા છે. બહાર આવતી વિગતો અનુસાર હિંમતનગર સિવિલ હોસ્પિટલના હંગામી સ્ટાફની ઈન્જેક્શન કાળા બજાર પ્રકરણમાં મોટાપાયે સંડોવણી હોવાના સૂરાગ મળ્યા છે. મહિલા કર્મચારી હાર્દિકા અને નર્સિંગ ક્લાસી ચલાવતા તાજપૂરીના સચિનની પોલીસે કેરિયર તરીકે અટકાયત કરી છે. તપાસ દરમ્યાન અનેક ચોંકાવનારા ઘટસ્ફોટ થવાની સંભાવના છે પરંતુ મુખ્ય સૂત્રધાર સચિન ઝડપાયા પછી રેકેટનો પર્દાફાશ થશે. પોલીસ દ્વારા સચિનને શોધવા માટે બે જિલ્લામાં ટીમો દોડી રહી છે.

કહેવત છે ને કે જ્યાં વધુ ભરોસો હોય ત્યાં જ દગો થતો હોય છે. કોરોનાની બીજી લહેરમાં હિંમતનગર સિવિલ હોસ્પિટલ કોરોનાના દર્દીઓ માટે જીવ બચાવનારી હોસ્પિટલ બની ગઈ પરંતુ છેલ્લા એક પખવાડીયાથી હિંમતનગર સિવિલમાં ઓક્સિજનની અછતના કારણે અનેક દર્દીઓએ જીવ ગુમાવ્યા છે અને હવે રેમડેસિવિર ઈન્જેક્શનના કાળા બજારમાં સિવિલ હોસ્પિટલની શાખને મોટી હાનિ પહોંચી છે. એક પછી એક બહાર આવતી વિગતો અનુસાર રેમડેસિવિર ઈન્જેક્શનના કાળા બજારમાં અત્યાર સુધીમાં ઝડપાયેલા ૬ આરોપીઓમાં ૪ આરોપીઓ સિવિલ હોસ્પિટલ સાથે કોઈને કોઈ રીતે સંકળાયાનું બહાર આવ્યું છે જેનો મતલબ એ થયો કે ગરજવાન દર્દી અને તેમના સગાઓનો કેટલાક સ્ટાફે અનહદ દુરૂપયોગ કર્યો છે. માત્ર ૩ ઈન્જેક્શનો આરોપીઓ પાસેથી પકડાયા છે પરંતુ અત્યાર સુધીમાં અનેક દર્દીઓ પાસેથી તેઓએ ભેગા મળી લાખો રૂપિયા ખંખેર્યાની આશંકા છે. ૪ આરોપીઓને પોલીસે દબોચ્યા પછી જામીન ઉપર મુક્ત થયા છે પરંતુ તેમાં સંડોવાયેલી મહિલા સહિત બે કેરિયરોની અટકાયતમાં કેટલીક ચોંકાવનારી વિગતો બહાર આવી શકે છે.

### હિંમતનગરના કેમીસ્ટની સંડોવણીથી દવા બજાર સ્તબ્ધ

બાયડ : હિંમતનગરમાં એલ.સી.બી.ની ટીમે રેમડેસિવિર ઈન્જેક્શનનું કાળા બજાર કરનારાઓને દબોચ્યા છે જેમાં હિંમતનગરના કેમીસ્ટની સંડોવણી બહાર આવતાં સાબરકાંઠા, અરવલ્લીનું દવા બજાર સ્તબ્ધ બની ગયું છે. એસોસીએશન દ્વારા દવાનું કાળા બજાર કરનારા વેપારીઓને ચેતવણી આપી દેવામાં આવી છે અને જો કોઈપણ એસોસીએશનનો સભ્ય કોરોના મહામારીમાં કોઈપણ દવા, ઈન્જેક્શન, સર્જીકલ પ્રોડક્ટ ઉપર લખેલ એમ.આર.પી.થી વધારે કિંમત લેશે અને કાળા બજારી તેમજ ડુપ્લીકેટ દવામાં પકડાશે તો તેની તપાસ કરીને જેતે કેમીસ્ટ સામે વહીવટી તંત્રને સાથે રાખી ફરિયાદ કરવામાં આવશે. ફરિયાદ સાચી હશે તો કેમીસ્ટને સંસ્થાના સભ્ય પદેથી કાયમી ધોરણે રદ કરી દેવાની ચીમકી આપી દેવામાં આવી છે.

### રસીકરણ માટે જાગૃતતા દેખાઈ



હિંમતનગર તા.૨

હિંમતનગર સહિત સાબરકાંઠા જિલ્લામાં કોરોના એ હાહાકાર મચાવે છે ત્યારે રવિવારે હિંમતનગર પાલીકાના સદસ્ય જાનકી રાવલ એ કોરોના ની રસી લઈને અન્ય લોકો પણ ઝડપથી રસીલે તેવો સંદેશો આપે છે તેમની સાથે દીકુલ ગાંધી વિમલ ઉપાધ્યાય કેતૂલ વ્યાસ ગોપાલભાઈ પ્રજાપતિ સહિત કાર્ય કરો હાજર રહ્યા હતા.

### કાળમુખો કોરોના, બાયડના ફરસાણના વેપારીનું મોત



બાયડ તા.૨

બાયડમાં કોરોનાની મહામારી ચરમસીમાએ છે દરરોજ બેથી ચાર લોકો કોરોનાની મહામારી માં હોમાઈ રહ્યા છે. જયારે બાયડ શહેરના ફરસાણના વેપારી સુનિલભાઈ શેઠનું કોરોનાથી મોત નીપજતા વેપારી આલમ તેમજ બાયડમાં શોકનું મોજુ ફરી વળ્યું છે

## ઈડર સિવિલ ખાતે અબુંજા કંપની ઓક્સિજન પ્લાન્ટ નાખશે

### કોરોનામાં ઓક્સિજન વગર તડપતી પ્રજા માટે રાહતના સમાચાર : ૫૦ થી૬૦ બેડની ઓક્સિજન કેપેસિટી રહશે

ઈડર તા.૨

ઈડર ની જનરલ હોસ્પિટલ (સિવિલ)ખાતે આગામી ટૂંક સમયમાં અબુંજા કંપની સીએસઆરએક્ટિવિટી ના ભાગ રૂપે ૫૦ થી૬૦ બેડ ની ઓક્સિજન ની ક્ષમતા નો પ્લાન્ટ નાખવામાં આવશે.





આ અંગે વધુ માહિતી આપતા ઈડરના યુવા ધારાસભ્ય હિતુભાઈ કનોડિયા ના જણાવ્યા પ્રમાણે સાબરકાંઠા જિલ્લામાં વધતી ઓક્સિજન ની માંગ ને લઈને સરકાર ધ્વરા વિવિધ કંપનીઓ ને ઓક્સિજન પ્લાન્ટ નાખવાના આદેશ ને લઈને ઈડર સિવિલ હોસ્પિટલમાં અબુંજા કંપની તરફ થી સી.એસ.આર.એક્ટિવિટી ના ભાગ રૂપે આગામી વિસ દિવસમાં જીછ ઓક્સિજન પ્લાન્ટ બનાવશે ,આ પ્લાન્ટ ઓટોમેટિક હવા માંથી ઓક્સિજન બનાવશે જેથી બહાર થી લિક્વિડ ઓક્સિજન સિલિન્ડર લાવવાની જરૂર નહીં પડે.

ઈડર સિવિલ હોસ્પિટલમાં ઓક્સિજનના અભાવના કારણે ઈડર અને વડાલી તાલુકાની જનતાને ભારે મુશ્કેલીઓ નો સામનો કરી રહ્યા હતા ,ત્યારે ઈડર ના ધારાસભ્ય હિતુભાઈ કનોડિયા ધ્વરા ઈડર સિવિલ ખાતે ઓક્સિજન પ્લાન્ટ માટેની સરકારમાં માગણી અને તીવ્ર રજૂઆત ના પગલે ઈડર સિવિલ ખાતે ઓક્સિજન પ્લાન્ટ અને વધુ બેડ માટે ટૂંક સમય માં કાર્યરત કરવામાં આવશે.

કોરોના ની બીજી લહેર માં લોકોને ઓક્સિજન વગર ટપોટપ મોત ને ભેટી રહ્યા છે.સમગ્ર દેશ સહિત સાબરકાંઠા જિલ્લા માં પણ ઓક્સિજન ની અછત ને લઈને અસંખ્ય લોકો જાન ગુમાવાનો વાળો આવ્યો છે .એકાએક ઓક્સિજન ની માંગ વધતા જિલ્લામાં પર્યાપ્ત વ્યવસ્થા ન હોવાને કારણે પોતાના પરિજનો ને બચાવવા લોકો ઠેર-ઠેર ઓક્સિજન મેરવવાવ ભારે મુશ્કેલીઓ માં મુકાયા હતા.ઓક્સિજન ની ઉણપ ને લઈને જિલ્લાની પ્રાઈવેટ હોસ્પિલોમાં તેમજ સરકારી હોસ્પિટલોમા પાછલા સમયથી આ વ્યવસ્થા સર્જાઈ હતી.ત્યારે સરકારના આદેશ પ્રમાણે અને સ્થાનિક ધારાસભ્યઓનીઓક્સિજન પ્લાન્ટ ની માંગ ને લઈને મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી ધ્વરા પ્રાઈવેટ કંપની દ્વારા સી.એસ.આર એક્ટિવિટી ના ભાગ રેપે ઓક્સિજન પ્લાન્ટ ની સ્થાપના કરવાના આદેશ પ્રમાણે સાબરકાંઠા જિલ્લામાં જુદાજુદા ત્રણ તાલુકા માં ત્રણ કંપની ઓ ઓક્સિજન પ્લાન્ટ ની સ્થાપના કરશે.

### PSA પ્લાન્ટ કેવી રીતે કામ કરશે

ઓક્સિજન ની અછત ને પહોંચી વળવા માટે અબુંજા કંપની તરફથી સી.એસ.આર. એક્ટિવિટી ના ભાગરૂપે ઈડર સિવિલ હોસ્પિટલ પરિસર માં ૫૦ થી૬૦ બેડ ની ઓક્સિજન કેપેસિટી વાળો પ્લાન્ટની સ્થાપના કરવામાં આવશે જે પ્લાન્ટ પોતાની રીતે જ હવા માંથી ઓક્સિજન બનાવશે જે સીધો બેડ સુધી લાઈન પહોંચાડવા આવશે ,જેથી લિક્વિડ ઓક્સિજન સિલિન્ડર ની જરૂર રહશે નહીં.ઈડર સિવિલ હોસ્પિટલમાં અત્યારે ૪૩ ઓક્સિજન બેડ કાર્યરત છે અને ટૂંક સમયમાં બીજા ૫૭ બેડ ટૂંક સમય માં કાર્યરત થશે. આગામી ટૂંક સમયમાં આ પ્લાન્ટ તૈયાર થશે અને દર્દીઓ માટે ઓક્સિજન પૂરો પાડવામાં આવશે.

## બાયડ તાલુકામાં કોરોના દર્દીઓ માટે ૨૦ આઈસોલેશન સેન્ટર, માત્ર પ્રા.શાળાના શિક્ષકોને નિયુક્ત કરાતાં રોષ

### હાઈસ્કુલના શિક્ષકોને કેમ બાકાત રાખવામાં આવ્યા, સોસરવો સવાલ..!!

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૨

બાયડ તાલુકામાં કોરોનાનું ગ્રહણ જોર પકડી રહ્યું છે. હોસ્પિટલોમાં બેડની અછત ઉભી થઈ છે ત્યારે ગ્રામ્ય વિસ્તારોમાં કોરોના દર્દીઓ માટે ૨૦ આઈસોલેશન સેન્ટર શરૂ કરવામાં આવ્યા છે જેમાં પ્રાથમિક શાળાઓ, હાઈસ્કુલો, કોમ્યુટીની હોલ તેમજ મંદિરમાં બેડ મૂકવામાં આવ્યા છે પરંતુ માત્ર ને માત્ર સરકારી પ્રા.શાળાના શિક્ષકોને જ કામગીરી સોંપાતાં બાયડ તાલુકા પ્રાથમિક શિક્ષક સંઘના કેટલાક હોદ્દેદારોએ આ મુદ્દે ઉગ્ર રોષ ઠાલવ્યો છે. હાઈસ્કુલોમાં આઈસોલેશન સેન્ટર શરૂ કર્યા હોવા છતાં હાઈસ્કુલના શિક્ષકોને કેમ બાકાત રાખવામાં આવ્યા છે..?? તેવા સોસરવા સવાલોએ તંત્રને વિચારતા

રાજ્ય સરકાર હોય કે સ્થાનિક વહીવટી તંત્ર મોટાભાગની કામગીરી પ્રા.શિક્ષકોના માથે થોપી દે છે. કારણ કે પ્રા.શિક્ષક ભલે વિરોધ કરે પરંતુ કામગીરી કરશે જ તેવો તંત્રને વિશ્વાસ હોય છે પરંતુ કોરોના જેવી જીવલેણ મહામારીને જિલ્લાના ૭ થી વધુ શિક્ષકોએ જીવ ગુમાવ્યા છે. અસંખ્ય પ્રા.શિક્ષકો અને તેમનો પરિવાર કોરોનાથી સંક્રમિત કરી દીધા છે.



છે. આવા સમયે જિલ્લામાં મારૂ ગામ, કોરોના મુક્ત ગામ..બનાવવાના મુખ્ય મંત્રીના આહવાનના પગલે તૈયારીઓ શરૂ કરવામાં આવી છે જે મુજબ બાયડ તાલુકા પંચાયત કચેરી દ્વારા ૨૦ સ્થળોએ હોમ આઈસોલેશન સેન્ટર શરૂ કરવામાં આવ્યા છે જેમાં દાખલ થયેલા દર્દીઓ માટે પીવાના શુદ્ધ પાણી અને વપરાશ માટેનું પાણી, ચા-નાસ્તો, જમવાની વ્યવસ્થા, ચાદર, ઓશિકાં, ગાદલાં, પલંગની વ્યવસ્થા ગ્રામ પંચાયત દ્વારા કરવામાં આવી છે. હોમ આઈસોલેશન દર્દીઓને પ્રાથમિક જરૂરીયાતમાં કોઈ અગવડ ઉભી ન થાય તે માટે હોમ આઈસોલેશન સેન્ટર ઉપર રાઉન્ડ ધ ક્લોક ફરજ બજાવવા બાયડ તાલુકાના સરકારી પ્રા.શાળાઓના શિક્ષકોને કામગીરી સોંપવામાં આવી છે. મોટાભાગની હાઈસ્કુલોમાં આઈસોલેશન સેન્ટર શરૂ કર્યા છે ત્યારે સ્થાનિક શાળાના સ્ટાફને નિયુક્ત કરવાના બદલે પ્રા.શાળાના શિક્ષકોને જ કેમ નિયુક્ત કરાયા..?? તેવો આક્રોશ બાયડ તાલુકા પ્રા.શિક્ષક સંઘે વ્યક્ત કર્યો છે અને આ અંગે તંત્ર પુનઃ વિચારણા કરે તેવો અનુરોધ કર્યો છે.

### ક્યાં શરૂ કરાયાં આઈસોલેશન સેન્ટર..

- દિપેશ્વરી માતા મંદિર, ઉંટરડા
- તેનપુર હાઈસ્કુલ
- આંબલિયારા પ્રા.શાળા
- રમાસ પ્રા.શાળા
- ચોઈલા હાઈસ્કુલ
- વાત્રકગઢ માધ્યમિક શાળા
- સૂરજબા હાઈસ્કુલ, ગાબટ
- રડોદરા હાઈસ્કુલ
- સરસોલી પ્રા. શાળા
- વારેણા આશ્રમ શાળા
- ડેમાઈ કોમ્યુનીટી હોલ
- બોરલ હાઈસ્કુલ
- સાઠંબા હાઈસ્કુલ
- પંચશીલ વિદ્યાલય, માધવકંપા
- હઠીપુરા હાઈસ્કુલ
- દેરોલી પ્રા.શાળા
- આમોદરા પ્રા.શાળા
- ઓઢા હાઈસ્કુલ
- આંબેડકર છાત્રાલય, બાયડ
- કોમ્યુનીટી હોલ, અરજણવાવ

### જિલ્લાના વધુ એક પ્રા. શિક્ષક કોરોના સામે જીંદગીનો જંગ હાર્યા



બાયડ : અરવલ્લી જિલ્લામાં કોરોના એક પછી એક પ્રા.શિક્ષકોને ભરખી જતાં પ્રા.શિક્ષક પરિવારોમાં માતમ છવાયેલો છે. માલપુર તાલુકાના ગોડ ગામના અને બનાસકાંઠા જિલ્લાની સરકારી પ્રા.શાળામાં પ્રા.શિક્ષક તરીકે ફરજ બજાવતા લક્ષ્મણભાઈ એસ. કોટવાલ કોરોનાથી સંક્રમિત થતાં મેઢાસણના કોવિડ કેર સેન્ટરમાં દાખલ કરવામાં આવ્યા હતા પરંતુ સારવાર દરમ્યાન કોરોના સામે જીંદગીનો જંગ હારી જતાં પ્રા.શિક્ષકોમાં શોક છવાયો છે. જાણવા મળ્યા મુજબ કોટવાલ પરિવારના તેઓ એકના એક પુત્ર હતા. એકના એક પુત્રના અવસાનથી પરિવારનું ઘર બંધ થઈ જાય તેવી હાલત આવીને ઉભી છે.

### બાયડ તાલુકો સ્તબ્ધ : ડબલ્યુ. એચ.ઓ. ના સર્વેલન્સ મેડીકલ ઓફીસર ડૉ.સચિન મેસરીયાનું કોરોનાથી મોત



બાયડ : કોરોનાનો બીજો સ્ટ્રેન પ્રાણઘાતક સાબિત થઈ રહ્યો છે. બાયડ તાલુકા સહિત અરવલ્લી જિલ્લામાં કોરોનાએ ડૉક્ટરો, ઈજનેરો, વેપારીઓ, શિક્ષકોને ભરખી જતાં સતત દહેશતનો માહોલ ઉભો થયો છે. બાયડ તાલુકાના વસાદરા અને ડબલ્યુ.એચ.ઓ.માં સર્વેલન્સ મેડીકલ ઓફીસર તરીકે ફરજ બજાવતા ડૉ.સચિન મેસરીયા કોરોનાથી સંક્રમિત થયા પછી સારવાર માટે દાખલ કરવામાં આવ્યા હતા પરંતુ અનેક લોકોની જીંદગી બચાવનારા કોરોના સામે જીંદગીનો જંગ હારી જતાં બાયડ તાલુકો સ્તબ્ધ થયો છે અને આ સાથે બાયડ તાલુકામાં કોરોનાએ કુલ-૪ ડૉક્ટરોનો ભોગ લીધો છે.

### વિરપ્રતાપ ફાઉન્ડેશન દર્દીઓની મદદે

## હિંમતનગરમાં કોરોનાનું સંક્રમણ વધતાં લેભાગુ વેપારીઓએ લીંબુ-સંતરાંના ભાવ વધાર્યા

### દર્દીઓ માટે ફાઉન્ડેશન દ્વારા મફત સેવા શરૂ





હિંમતનગર, તા.૦૨

કોરોનાનું સંક્રમણ વધતાં હિંમતનગરમાં લેભાગુ વેપારીઓએ ખાસ કરીને લીંબુ-સંતરાંના ભાવ આસમાને પહોંચાડતાં ગરીબ અને મધ્યમ વર્ગના દર્દીઓ માટે મુશ્કેલી ઉભી થઈ છે. આ સંજોગોમાં હિંમતનગર શહેરમાં વિરપ્રતાપ ફાઉન્ડેશન દ્વારા શિવશક્તિ સેવા મંડળ, હરસિદ્ધ માતાજી મંદિરના સંયુક્ત સહયોગથી સિવિલ હોસ્પિટલની બહાર કોરોનાગ્રસ્ત દર્દી અને દર્દીના સગા માટે લીંબુપાણી તેમજ સંતરાં, મોસંબી અને મિનરલ પાણીનું નિઃશુલ્ક વિતરણ શરૂ કર્યું છે. સેવાભાવિ ફાઉન્ડેશન દર્દીઓની વહારે આવતાં તેની દરેક સમાજે નોંધ લીધી છે.

જિલ્લામાં માનવતા નેવે મૂકાઈ છે તો ક્યાંક માનવતાના દિવા ઝબુકવા લાગ્યા છે. કોરોનાના દર્દીઓને બચાવવા માટે જરૂરી રેમડેસિવિર ઈન્જેક્શનનું કાળા બજાર શરૂ થતાં આવા તત્વો સામે સમગ્ર જિલ્લામાં પ્રચંડ રોષ છે અને કોરોના દર્દીઓ માટે વિટામીન-સી ભરપુર પ્રમાણમાં આવશ્યકતા છે ત્યારે લેભાગુ વેપારીઓએ માનવતા નેવે મૂકી લીંબુ-સંતરાંના ભાવ મોંઘા કરી દીધા છે. ત્યારે ભાવ ઉંચકાતાં વિરપ્રતાપ ફાઉન્ડેશનના સ્થાપક ભૂગુવેન્દ્રસિંહ કુંપાવત અને તેમની ટીમે દર્દીઓ માટે મફતમાં જ્યુસ અને પાણીનું વિતરણ કરવાનો નિર્ણય કર્યો છે. જ્યાં સુધી કોરોના પર અંકુશ ન આવે ત્યાં સુધી સેવા ચાલુ રહેશે. વિરપ્રતાપ ફાઉન્ડેશન દ્વારા શહેરમાં નિઃશુલ્ક ટીફીન સેવા, નિઃશુલ્ક ઓક્સિજન સેવા, સ્મશાનમાં પૂળા સહિતની સેવાઓ આપવામાં આવી રહી છે. માનવતાવાદી કાર્યમાં નિકુલ વ્યાસ, વનરાજસિંહ રાઠોડ, ઉત્પલ્લ પંચાલ, મયુર પ્રજાપતિ, સંતોષ જોષી, નિરવ પરમાર, કેતૂલ વ્યાસ, ગૌરવ દરજી, અજય દરજી, શિવદત્ત દરજી, સંજય ગાંધી, પ્રકાશ રાવલ, ભગવતી ચાવલા, હિતેષ ટેકવાની, પિયૂષ ઠક્કર, દર્શન મોંડલીયા સહિત સેવાભાવિઓનો સહયોગ મળી રહ્યો છે.